કેસ નં.૫૪૪/૨૦૨૫

## ::: આંક ૧ લગત હુકમ :::

**(૧).** કેસનુ રેકર્ડ વંચાણે લીધુ. હાલનો કેસ સમન્સ ટ્રાયેબલ છે. આ કેસના કામે ૨૦૨૪ ના વર્ષથી આરોપીને નિયમીત પણે સમન્સ/વોરટ કાઢવામા આવે છે આવા સમન્સ અને વોરટ સમયસર બજવણી થઇ રજુ થયેલા નથી. આ બાબતે પોલીસ ઇન્સ્પેકટરશ્રી રાજપીપલાનાઓને અદાલત ધ્વારા જાણ કરવામા આવેલ છે. જે બાબતનો દસ્તાવેજ આંક ૧૦ થી રેકર્ડમા રજુ છે. તપાસ કરનાર અધીકારીશ્રી મારફતે આરોપીના સમન્સ/વોરટ બજવણી માટે મોકલવામા આવેલા છે આટલા લાંબા સમયથી અસરકારક કામગીરી થયેલ હોય તેવુ જણાયેલ નથી.આમ સરકારપક્ષ આરોપીને રજુ કરવામા નિષ્ફળ ગયેલ છે. આરોપીના જામીનદારને નોટીસની બજવણી કરવામા આવેલ છે અને જામીનગીરીની રકમની ભરપાઇ કરવામા આવેલ છે.

**(૨).** આમ હાલના કેસના કામે લાંબા સમયથી માત્ર આરોપી ન મળિ આવવાના કારણે ફરીયાદપક્ષ કેસની કાર્યવાહી આગળ ચલાવી શકેલ નથી. **નામ. સુપ્રિમ કોર્ટના પી રામચંદ્ર રાવ વિરુધ્ધ કર્નાટક રાજયના ૨૦૦૨(૨) જી. એલ. આર. પાના નં. ૧૫૪૯ થી પ્રકાશીત** થયેલા ચુકાદામા નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા અવલોકન કરવામાં આવેલ છે કે **ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૮ / (બી એન એસ એસ ની કલમ – ૨૮૧)** નો ઉપયોગ મેજીસ્ટ્રેટ કરતાં નથી અને ખાસ કારણોમાં કલમ ૨૫૮ ( બી એન એસ એસ ની કલમ – ૨૮૧) નો ઉપયોગ ન્યાયિક રીતે કરવો જોઈએ. આમ સદર ન્યાયીક નિણયમા અવલોકન કરેલી બાબત ધ્યાનમા લઇ તેમજ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૮ / (બી એન એસ એસ ની કલમ–૨૮૧) હેઠળ ને ધ્યાને લેતાં ફરિયાદ પક્ષને વધુ સમય આપી માત્ર બજવણીના સ્ટેજે અસરકારક કાર્યવાહી વિના કેસ મુકી રાખવો ન્યાયોચિત જણાતુ નથી. હાલનો કેસ સમન્સ ટ્રાયબલ હોઈ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માટે કોઈ પ્રબળ કારણો જણાવતા નથી. જેથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૮/(બી એન એસ એસ ની કલમ–૨૮૧) અન્વયે સદર કેસની

ઈન્સાફી કાર્યવાહી સ્થગિત કરવાનુ ન્યાયોચીત જણાતુ હોઈ ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

<u>::: આખરી હુકમ:::</u>

**(૧).** સદર કેસની ઈન્સાફી કાર્યવાહી **ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૮ / (બી એન એસ એસ ની કલમ–૨૮૧)** અન્વયે સ્થગિત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨).** આ કામના આરોપીને હાલના ગુનાના કામે બિન તહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩).** ભવિષ્યમાં આરોપી મળી આવે તો હાલના કેસની કાર્યવાહી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૦૦(૫) / ( બી એન એસ કલમ ૩૩૭ (૫) ) મુજબનુ કોઈ બાદ રહેશે નહી અને ફરીયાદી પક્ષના નવેસરથી કાર્યવાહી શરૂ કરવાના હક્કને કોઈ બાદ રહેશે નહી અને તેવા કિસ્સામાં અત્રેની કોર્ટ દ્વારા નવેસરથી કાર્યવાહી શરૂ કરવાની પરવાનગી આપેલ હોવાનુ ગણાશે.

હુકમ આજ તા.૧૪ મી રોજ માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સ્પેશ્યલ સીંટીગમાં જાહેર કરી વાંચી સંભળાવ્યો.

તારીખ:૧૪/૦૩/૨૦૨૬
સ્થળ:રાજપીપલા

(વિનોદભાઇ દીનુભાઇ પટેલ)
ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ,
રાજપીપલા, નર્મદા
જી.જે.૦૧૧૪૮